પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૯ | ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩, શુક્રવાર; બીજો શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હિંદુ ધર્મ ઈસ્લામ કરતા જૂનો છે : ગુલામનબી આઝાદ

**કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીનો વીડિયો ખુબ જ વાયરલ : ઈસ્લામનો જન્મ ૧૫૦૦ વર્ષ પહેલા થયો હતો : ભારતમાં કોઈ બહારનું નથી, ભારતના મુસ્લિમો મૂળ હિંદુ હતા : ૬૦૦ વર્ષ પહેલા કાશ્મીરમાં માત્ર કાશ્મીરી પંડિતો હતા : આઝાદ**



નવી દિલ્હી, તા.૧૭

કોંગ્રેસથી અલગ થઈને ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી બનાવનાર અને જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેઓ લોકોને કહી રહ્યા છે કે હિંદુ ધર્મ ઈસ્લામ કરતા જૂનો છે અને પહેલા બધા મુસ્લિમો હિંદુ હતા.

આ પહેલા જેએનયુવિદ્યાર્થી સંઘની નેતા શેહલા રાશિદનું એક નિવેદન સામે આવ્યું હતું, જેમાં તેણે જમ્મુ-કાશ્મીરમાં વિકાસ માટે સરકારના વખાણ કર્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો ગુલામ નબી આઝાદનો વીડિયો જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લાનો છે. આ વીડિયોમાં આઝાદ કહે છે ઈસ્લામનો જન્મ ૧૫૦૦ વર્ષ પહેલા થયો હતો. ભારતમાં કોઈ બહારનું નથી. આપણે બધા આ દેશના છીએ. ભારતના મુસ્લિમો મૂળ હિંદુ હતા, જેમણે પાછળથી ધર્માંતરણ કર્યું હતું.

આઝાદ ડોડામાં આપેલા ભાષણમાં કહે છે કે ૬૦૦ વર્ષ પહેલા કાશ્મીરમાં માત્ર કાશ્મીરી પંડિતો હતા. પછી ઘણા લોકો ધર્મ પરિવર્તન કરીને મુસ્લિમ બન્યા

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦ હજાર કરોડના સંરક્ષણ પ્રોજેક્ટને કેન્દ્રની લીલી ઝંડી

**ભારતીય નેવીની ક્ષમતા વધારવા માટે એક મોટું પગલું : સંરક્ષણ ક્ષેત્રમાં કેન્દ્ર સરકારે ભારતીય નેવી માટે પાંચ ફ્લીટ સપોર્ટ જહાજોના નિર્માણને મંજૂરી આપી**

નવી દિલ્હી, તા.૧૭

ભારતીય નેવીની ક્ષમતા વધારવા માટે એક મોટું પગલું ભરતાં કેન્દ્ર સરકારે ૨૦ હજાર કરોડ રૂપિયાના સંરક્ષણ પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દીધી છે. સંરક્ષણ ક્ષેત્રમાં કેન્દ્ર સરકારે ભારતીય નેવી માટે પાંચ ફ્લીટ સપોર્ટ જહાજોના નિર્માણને મંજૂરી આપી છે. આ જહાજ તૈયાર થયા બાદ દરિયામાં તૈનાત નેવીને બળતણ, શસ્ત્રો અને ખોરાક ભરવામાં મદદ મળશે.



સુત્રોના જણાવ્યા અનુસાર ટોચના સ્તરે મંજૂર કરાયેલા આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટની અંદાજિત કિંમત લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયા છે, જેમાં પાંચ અદ્યતન જહાજોનું નિર્માણ થવાનું છે. પાંચ જહાજોનું નિર્માણ વિશાખાપટ્ટનમ ખાતે સંરક્ષણ મંત્રાલયના હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ દ્વારા કરવામાં આવશે. આ પાંચ ફ્લીટ સપોર્ટ જહાજોના નિર્માણ માટે ભારતીય નેવી દ્વારા ૐજીન્ને નામાંકિત કરવામાં આવ્યું હતું. હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડને આગામી ૮ વર્ષમાં આ જહાજો બનાવીને નેવીને આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ દરેક જહાજોનું વજન અંદાજે ૪૫ હજાર ટન હશે.

● અનુસંધાન પાન-૭ પર

# હવે સિમ ડીલરોનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત

**છેતરપિંડી જેવી ગતિવિધિઓને રોકવા માટે સરકાર દ્વારા નવી જાહેરાત : નવી જાહેરાત મુજબ જથ્થાબંધ જોડાણો પર સંપૂર્ણ પ્રતિબંધ, સરકારે ૫૨ લાખ મોબાઈલ કનેક્શન કાપી નાખ્યા, ૬૭,૦૦૦ સિમ ડીલરોને બ્લેકલિસ્ટ કરાયા**

નવી દિલ્હી, તા.૧૭

દેશની કેન્દ્ર સરકાર છેતરપિંડી પર કડક કાર્યવાહી કરવા માટે નવા નિયમો લાવવા જઈ રહી છે. સરકારે સિમ ડીલરોનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવ્યું છે. હકીકતમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જ આ નવા નિર્ણયની માહિતી આપી છે. આ નવી જાહેરાત મુજબ જથ્થાબંધ જોડાણો પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સરકારે સિમ ડીલરોનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવ્યું છે. વાસ્તવમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જ આ નવા નિર્ણયની માહિતી આપી છે.

સમાચાર એજન્સી અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે છેતરપિંડી જેવી ગતિવિધિઓને રોકવા માટે નવી જાહેરાત કરી છે. આ નવી જાહેરાત મુજબ જથ્થાબંધ જોડાણો પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ સંદર્ભમાં માહિતી આપતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે સરકારે ૫૨ લાખ મોબાઈલ કનેક્શન કાપી નાખ્યા છે. આ સિવાય ૬૭,૦૦૦ સિમ ડીલરોને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે.

માહિતી આપતાં અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે મે ૨૦૨૩થી અત્યાર સુધીમાં સિમ કાર્ડ ડીલરો વિરુદ્ધ ૩૦૦ ફૈંઈ નોંધવામાં આવી છે. વોટ્સએપનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે વોટ્સએપે ૬૬,૦૦૦ એકાઉન્ટ બ્લોક કરી દીધા છે. વોટ્સએપે એવા એકાઉન્ટ્સને ઓળખી અને બ્લોગ કર્યા છે જે


● અનુસંધાન પાન-૭ પર

# અંતરિક્ષ યાનથી લેન્ડર વિક્રમ સફળતાપૂર્વક અલગ થયું

**ચંદ્રયાન-૩ના પ્રોપલ્શન મોડ્યૂલને લેન્ડર અને રોવરથી છુટું પડાયું : ચંદ્રયાન-૩ હવે ચંદ્રથી એક ડગલું દૂર : ચંદ્રયાન-૩નું લેન્ડર બપોરે ૧:૧૫ વાગ્યે પ્રોપલ્શનથી અલગ થયું, હવે લેન્ડરની ગતિ ધીમી થશે, ૨૩ ઓગસ્ટે ચંદ્ર પર ઊતરશે**

નવી દિલ્હી, તા.૧૭

ભારતનું મહત્વાકાંક્ષી મૂન મિશન ચંદ્રયાન-૩ આજે પોતાના એક મહત્વના તબક્કામાં પહોંચી ગયું છે. અંતરિક્ષ યાનથી લેન્ડર વિક્રમ સફળતાપૂર્વક અલગ થઈ ગયું છે. ઈસરોના જણાવ્યા પ્રમાણે હવે ૨૩ ઓગસ્ટે સાંજે ૫.૪૫ પર લેન્ડરનું ચંદ્રની સપાટી પર લેન્ડિંગ કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ પહેલા ચંદ્રયાન-૩એ પાંચમી અને અંતિમ કક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ કર્યો હતો. લેન્ડિંગ બાદ લેન્ડરમાંથી છ પૈડાનું રોવર બહાર નીકળશે જે એક ચંદ્ર દિવસ એટલે કે ધરતીના ૧૪ દિવસ ત્યાં પ્રયોગ કરશે.



આ સાથે એક રસપ્રદ વાત એ છે કે વિશ્વની નજર તે વાત પર ટકેલી છે કે ભારતનું ચંદ્રયાન-૩ અને રશિયાનું લૂના-૨૫માંથી કોનું મિશન ચંદ્ર પર પ્રથમ લેન્ડિંગ કરશે. પ્રોપલ્શનથી અલગ થયા બાદ લેન્ડરની પ્રારંભિક તપાસ કરવામાં આવશે. ઈસરોનું કહેવું છે કે લેન્ડરમાં ચાર મુખ્ય થ્રસ્ટર્સ છે જે ચંદ્રની સપાટી પર ઉતરવામાં સક્ષમ બનાવશે. સાથે જ અન્ય સેન્સરનું પણ પરીક્ષણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્ડિયા ગઠબંધનમાં ઉભી તીરાડ પડવાનો પ્રારંભ

નવી દિલ્હી, તા. ૧૭

કોંગ્રેસ અને અન્ય પક્ષોનો સંયુક્ત મોરચાના ગઠબંધનમાં અત્યારથી જ તીરાડ પડવાની શરૂઆત થઈ ગઈ છે. આ અંગે ભાજપના પ્રવકતા સુધાંશુ ત્રિવેદીએ એવુ કહ્યું કે આ ગઠબંધન હંમેશા ખોટા દાવાઓની દિવાલ ચણે છે અને પછી તેમના ભારથી જ એ ભાગી પડે છે. આજના દિવસમાં જે ઘટનાઓએ આકાર લીધો છે તેમાં દિલ્હીમાં કોંગ્રેસ દ્વારા આપની સરકારના પ્રધાનો દ્વારા કરાતી કામગીરી સામે ફરીયાદ કરવામાં આવી તેણે બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાતમાં સાથે લડવાની વાત કરતા કોંગ્રેસ અને આપ દિલ્હીમાં સાવ સામેના છેડે ઉભા રહીને એકબીજાનો વિરોધ કરે છે એવુ સ્પષ્ટ દેખાયુ છે. આ અગાઉ કોંગ્રેસના અલકા લાંબાએ દિલ્હીની તમામ સીટો ઉપર લડવાની કોંગ્રેસ તૈયારી કરશે એવુ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેની સામે આપના સૌરભ ભારદ્વાજે એવો પ્રતિભાવ આપ્યો હતો કે કોઈ પક્ષના પ્રવક્તા ચૂંટણીમાં કેટલી બેઠકો ક્યાં લડવી તેનો નિર્ણય ન કરી શકે. ઈન્ડિયા ગઠબંધનમાં જોડાયેલા પક્ષો સાથે બેસીને કોણે કઈ જગ્યાએ લડવુ તેનો નિર્ણય લેશે એ સંજોગોમાં વ્યક્તિગત કોઈ અભિપ્રાયને મહત્વ આપવાનું ન હોય. આપના સંજીવ ઝા એ એવુ કહ્યું કે ભાજપને હરાવવા માટે દરેક પક્ષ એક થઈને લડશે તે નક્કી છે. બાકીની બાબતો ગૌણ છે. આ સંદર્ભે ભાજપના સુધાંશુ ત્રિવેદીએ એવો પ્રતિભાવ આપ્યો કે આ પક્ષોમાં ''મુહમે એકજૂટતા ઔર બગલમે દાવપેચ'' જેવો ઘાટ છે. આ સંઘ કોઈ સંજોગોમાં કાશીએ ન પહોંચી શકે. આ તમામ દાવાઓ અને

● અનુસંધાન પાન-૭ પર

લોહીના કેન્સરના રોગોની ઓ.પી.ડી.ગાંધીનગર ખાતે!

zydus Hospitals Cancer Centre

ડૉ. નિધિ જૈન
MD, DM
(હિમેટોલૉજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત)

ઉપલબ્ધ સારવાર
● લોહીનું કેન્સર ● જન્મજાત લોહીની બિમારી
● એપ્લાસ્ટીક એનેમીયા ● મલ્ટીપલ માયલોમા
● હીમોફીલીયા, લ્યુકેમીયા, સીકલ સેલ ડિસીઝ, થેલેસેમીયા વગેરે ● લોહીમાં વારંવાર ચેપ લાગવો ● બ્લીડીંગ ડિસઓર્ડર

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

19-08-2023 (શનિવાર) | 10.00 થી 12.00 કલાકે

તેજસ સર્જિકલ હૉસ્પિટલ, પથિકા બસ સ્ટેશન સામે, સેક્ટર 7C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક :
પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

# ભાજપે મ.પ્ર. માટે ૩૯ અને છત્તીસગઢ માટે ૨૧ ઉમેદવાર જાહેર કર્યા

**નવી દિલ્હીમાં મળેલી ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી**

નવી દિલ્હી, તા.૧૭

ભાજપે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. આ વર્ષે બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. બંને રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગઈકાલે ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. ભાજપે વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશ માટે ૩૯ અને છત્તીસગઢ માટે ૨૧ ઉમેદવારોની જાહેરાત કરી છે. આ વર્ષે જ બંને રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે. ગઈકાલે દિલ્હીમાં ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ પહેલા ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં પાર્ટીના મુખ્યાલયમાં મળી હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સહિત ભાજપના ઘણા મોટા નેતાઓએ ભાગ લીધો હતો. આ બેઠક મોડી રાત સુધી ચાલી હતી. બેઠકમાં મધ્યપ્રદેશ અને છત્તીસગઢની ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. સીઈસીસભ્યોએ આગામી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી.

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સ્મરણ વધુ યાદગાર બને છે.
જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે.
તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે.

પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના..




શહીદ સંજયકુમાર એમ. સાધુ
પોલીસ ઈન્સ્પેક્ટર, બીએસએફ
સ્વ. તા. ૧૮/૮/૨૦૧૯

એજ લી.
અંજના સંજયકુમાર સાધુ (પત્ની)
શ્રદ્ધા સંજયકુમાર સાધુ (પુત્રી)
આસ્થા સંજયકુમાર સાધુ (પુત્રી)
ઓમ સંજયકુમાર સાધુ (પુત્ર)

ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.
પ્લોટ નં.૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
ફોન નં.૨૩૨ ૪૭૨૧૫, ૨૩૨ ૨૧૯૮૫, વેબસાઈટ-www.gncb.co.in

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના સર્વે સભાસદશ્રીઓને જણાવવાનું કે, બેંકની ૪૯મી વાર્ષિક સાધારણ સભા તા.૩-૦૯-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે બેંકની હેડ ઓફિસ ખાતેના મકાનમાં, સભાખંડ, ત્રીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. બેંકની આ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે. સભાની કાર્યસૂચિ બેંકના નોટીસ બોર્ડ ઉપર તથા વાર્ષિક અહેવાલમાં આપેલ છે. બેંકનો વાર્ષિક અહેવાલ અમારી બેંકની શાખાઓમાંથી તથા વેબસાઈટ www.gncb.co.in ઉપર પણ મળી શકશે.

તા.૧૮-૦૮-૨૦૨૩

પિયુષકુમાર એમ. અમીન
ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

હાર્દિક અભિનંદન



શ્રી કેતનભાઈ પટેલ
ગાંધીનગરનું પ્રથમ લોકપ્રિય અખબારનું સંચાલન સંભાળવા બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન સહ...
આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ...

લી.
રતનસિંહ મનુભા વાઘેલા
પ્રમુખશ્રી : ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ
સોનલબા ઘનશ્યામસિંહ વાઘેલા
કોર્પોરેટરશ્રી : વોર્ડ નં.૭, ગાંધીનગર મહાનગરપાલિકા
પંકજસિંહ રતનસિંહ વાઘેલા / બિલ્ડર
હમીરસિંહ પ્રતાપસિંહ વાઘેલા
(અગ્રણી સામાજીક કાર્યકર)
પ્રદિપસિંહ રતનસિંહ વાઘેલા (શ્રોફ)